(અલ્હમ્દુલિલ્લાહી રબ્બીલ આલમીનની પુરી સુરત) સો વખત પઢે, પછી સો વખત નીચે મુજબ દુરૂદ શરીફ પઢે ”

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى آلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ وَبَارَكْتَ عَلٰى اِبْرَاهِيْمَ وَ عَلٰى آلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ.

અલ્લાહુમ્મ સલ્લી અલા મુહમ્મંદીવ વ અલા આલી મુહંમ્મદીન કમા સલ્લયત વ બારકત અલા ઈબ્રાહીમ વ અલા આલી ઈબ્રાહીમ ઈન્નક હમીદુમ મજીદ.

પછી આ કલીમાત સો વખત પઢે.

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ بِيَدِهِ الْخَيْرُ يُحْيِيْ وَيُمِيْتُ ، وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ.

અશહદુ અલ્લા ઈલાહ ઈલ્લલ્લાહુ વહદહુ લા શરીક લહુ, લહુલ મુલ્કુ વલહુલ હમ્દુ બીયદીહીલ ખયર યુહયી વયુમીતુ, વહુવ અલા કુલ્લી શયઈન કદીર.

તો અલ્લાહપાક ફરમાવે છે કે, ગવાહ રહો, ફરિશતાઓ મેં તેની મગફિરત કરી દીધી, અને તેની સીફારીશ કબુલ કીધી.

(૮) અરફાતના દિવસે આ દુઆ પણ ચાલતા ફરતા વારંવાર પઢતા રહેવું.

لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ ، يُحْيِيْ وَيُمِيْتُ ، وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ.

લા ઈલાહ ઈલ્લલ્લાહુ વહદહુ લા શરીકલહુ લહુલમુલ્કુ વલહુલ હમ્દુ યુહયી વયુમીતુ વહુવ અલા કુલ્લી શયઈન કદીર.

સુરજ ડુબે પછી મુઝદલીફા જવા માટે રવાના થવું

ઉપરોકત વઝીફાઓ હદીસે પાકથી સાબીત છે. વધુ વિગતો માટે હમારી કિતાબ “અરફાતની દુઆઓ અને અઅમાલ” જુઓ.

لَبَّيْكَ اَللّٰهُمَّ لَبَّيْكَ لَبَّيْكَ لَاشَرِيْكَ لَكَ لَبَّيْكَ اِنَّ الْحَمْدَ وَالنِّعْمَةَ لَكَ وَالْمُلْكَ لَا شَرِيْكَ لَكَ .


લબ્બયક અલ્લાહુમ્મ લબ્બયક, લબ્બયક લા શરીક લક લબ્બયક, ઈન્નલ્હમ્દ વન્નિઅમત લક વલ્મુલ્ક, લા શરીક-લક.

સૈયદ ગ્રાફિક્સ - મો. ૯૯૯૮૪ ૯૬૫૫૬

બિસ્મીહી તઆલા

અરફાતની મુબારક દુઆઓ

મુખ્તસર



મુફ્તી મહમુદ મવલાના સુલેમાન બારડોલ્વી

તમામ હાજી ભાઈઓ અને બહેનોને દુઆની દરખાસ્ત છે.

WWW.NOORANIMAKATIB.COM

અરફાતનો દિવસ

(૧) ઝીલહજજ મહીનાની નવમી તારીખને અરફાતનો દિવસ કહેવામાં આવે છે. અરફાતનો દિવસ આપણા હજજના સફરનો બધાથી વધારે કીમતી દિવસ છે. જેથી આ મુબારક દિવસને વધારેને વધારે સારા કામોમાં અને દુઆ કરવામાં ગુઝારો.

(૨) નવમી તારીખે ફજરની નમાઝ મીનામાં અદા કરીને અરફાત તરફ રવાના થવુ સુન્નત છે. પરંતુ જો ભીડ-ટ્રાફીક વગેરે પરેશાનીના લઈ મીનાથી અરફાત જલ્દી લઈ જવામાં આવે તો ચાલ્યા જવું.

(૩) અરફાતના મેદાનમાં ઝવાલથી લઈને સુરજ ડુબે (ગુરૂબ થાય) ત્યાં સુધી થોભવાનું છે. જેના લઈ ઝવાલ પહેલા અરફાતના મેદાનમાં પહોંચી જવું જોઈએ.

અરફાતના મેદાનમાં ચારેવ બાજુ અરબી અને અંગ્રેજી ભાષામાં અરફાતની હદ બતાવતા મોટા મોટા તીરની નીશાનીઓ લાગેલી છે, તે ધ્યાનથી જોઈ લેવું કે આપણે અરફાતના મેદાનની હદમાં જ છે.

(૪) ઝવાલ પહેલા આરામ- ઈસ્તીન્જા- ગુસલ-વુઝુ-નાશતો વગેરે ઝરૂરીયાતથી ફારિગ થઈને તૈયાર થઈ જવું. ઝવાલ થવાના સાથે જ દરેક મિનિટ દુઆ અને નેકીના કામોમાં ખર્ચ થાય તેવી ફિકર રાખો. એક પણ મિનિટ બેકાર વાતોમાં તેમજ નકામા કામોમાં અને મુફતમાં વ્હેંચાતી ખાવા પીવાની વસ્તુઓ જમા કરવામાં બરબાદ કરી ન નાખો. અરફાતના મેદાનમાં થોભવાના દરમિયાન ઝોહર અને અસર બે નમાઝ અદા કરવાની છે.

(૫) દુઆમાં ખુબ રડો, અથવા રડવા જેવું મોઢું બનાવો પછતાવો અને શરમીંદગીના સાથે ગુનાહોને યાદ કરી કરીને મુઆફી માંગો અને ભવિષ્યમાં ગુનાહ ન કરવાનો પાકકો ઈરાદો કરો. પોતાના માટે અને ઘરવાળાઓ માટે તેમજ ઉસ્તાદો અને દોસ્તો માટે અને પુરી દુન્યાના ભાઈઓ બ્હેનો માટે હિદાયત અને મગફિરત તેમજ દુન્યા - આખિરતની ભલાઈઓની દુઆઓ માંગો.

(૬) અરફાતના મેદાનમાં તંબુથી બહાર નિકળીને તડકામાં ઉભા ઉભા પણ દુઆઓ જરૂર માંગે. નજીકમાં કોઈ ટેકરી હોય તો તેના પર ચઢીને પણ દુઆ કરે.

અરફાતના સુન્નત વઝીફાઓ :-

(૧)

સો વખત ચોથો કલમો પઢે.

لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهٗ لَا شَرِيْكَ لَهٗ ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ .

લા ઈલાહ ઈલ્લલ્લાહુ વહદહુ લા શરીક લહુ, લહુલ મુલ્કુ વલહુલ હમ્દુ વહુવ અલા કુલ્લી શયઈન કદીર.

(૨)

પછી સો વખત કુલ હુવલ્લાહુ અહદ વાળી સુરત પુરી પઢે. શરૂ માં પહેલીવાર અઉઝુ બિલ્લાહ અને બિસ્મિલ્લાહ પઢે. પછી દરવખતે બિસ્મિલ્લાહ પઢે.

قُلْ هُوَ اللّٰهُ اَحَدٌ ۝ اللّٰهُ الصَّمَدُ ۝ لَمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ ۝ وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ۝

(૩)

પછી સો વખત પઢે

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰى آلِ مُحَمَّدٍ كَمَا صَلَّيْتَ عَلٰى اِبْرَاهِيْمَ وَ عَلٰى آلِ اِبْرَاهِيْمَ اِنَّكَ حَمِيْدٌ مَّجِيْدٌ وَّ عَلَيْنَا مَعَهُمْ.

અલ્લાહુમ્મ સલ્લી અલા મુહમ્મદીન વ અલા આલી મુહમ્મદીન કમા સલ્લયત અલા ઈબ્રાહીમ વ અલા આલી ઈબ્રાહીમ ઈન્નક હમીદુમ મજીદ, વ અલયના મઅહુમ.

(૪)

પછી સો વખત પઢે

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ.

સુબ્હાનલ્લાહી વલ હમ્દુ લિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર

(૫)

પછી સો વખત ઈસ્તેગફાર પઢે

أَسْتَغْفِرُ اللّٰهَ رَبِّيْ مِنْ كُلِّ ذَنْبٍ وَّ أَتُوْبُ إِلَيْهِ.

અસ્તગફિરૂલ્લાહ રબ્બી મિન કુલ્લિ ઝન્બિન-વ-અતુબુ ઈલયહિ.

અરફાત નો એક ખાસ અમલ

(૭) રસૂલુલ્લાહ સ.અ.વ. એ ફરમાવ્યુ : "જે માણસ અરફાતના દિવસે ઝવાલ પછી આ અમલ કરે, સૂરએ ફાતિહા

ત્યાર પછી એક હાથ જમણી બાજુ હટીને હઝરત ઉમર રદી. ના મુબારક ચેહરાની સામે આવો અને સલામ પેશ કરો.

اَلسَّلَامُ عَلَيْكَ يَاعُمَرَ بْنِ الْخَطَّابِ

اَلسَّلَامُ عَلَيْكَ يَا اَمِيْرَ الْمُؤْمِنِيْنَ

اَلسَّلَامُ عَلَيْكَ يَا اَبَا الْفُقَرَاءِ وَالضُّعَفَاءِ وَالْاَرَامِلِ وَالْاَيْتَامِ وَ رَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهُ

અસ્સલામુ અલયક યા ઉમર-બ્નલ-ખત્તાબ
અસ્સલામુ અલયક યા અમીરલ-મુઅમીનીન
અસસલામુ અલયક યા અબલ ફુકરાઈ વ-ઝઝોઅફાઈ વલ અરામીલી વલ અયતામી વ-રહમતુલ્લાહી વ-બરકાતુહ

પછી મોકો હોય તો કીબ્લાની દીવાર તરફ આગળ વધો અને કીબ્લા તરફ મ્હોં કરી રડી રડીને દુઆ કરો. હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમથી "શફાઅત" ના માટે વિનંતી કરો.

ત્યાર પછી અગર શકય હોય તો બીજીવાર કબર મુબારકના સામે આવો (અથવા જયારે મોકો હોય ત્યારે આ અમલ કરવો) અને એક વાર આયત તિલાવત કરો :

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ . بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ .

اِنَّ اللّٰهَ وَمَلٰئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ يَا اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا

અઉઝુ બિલ્લાહિ મિનશશયતાનિર-રજીમ, બિસ્મીલ્લાહિર્-રહમાનિર-રહીમ. ઈન્નલ્લાહ વ-મલાઈકતહૂ યુસલ્લૂન અલન્નબિય્યિલ યા-અય્યુહ-લ્લજીન આમનૂ સલ્લૂ અલયહિ વ-સલ્લિમૂ તસલીમા-

તે પછી ત્રિત્તેર વખત આ દુરૂદ શરીફ પઢે :-

صَلَّى اللّٰهُ عَلَيْكَ وَسَلَّمَ يَا رَسُوْلَ اللّٰهِ

સલ્લલ્લાહુ અલયક વસલ્લમ યા રસૂલલ્લાહ

નોંધ :- રિવાયત છે કે જે માણસ રસૂલુલ્લાહ (સ.અ.વ.) ની કબ્ર મુબારક પાસે ઉભો રહી એક વાર ઉપર લખેલ આયત તિલાવત કરે, અને સિત્તેર વાર ઉપર લખેલ દુરૂદ શરીફ પઢે તો ફરિશ્તા તેને પુકારશે : સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ વ અલયક યા ફુલાં અને તેની જરૂરતો પૂરી કરવામાં આવશે. એટલેકે હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ના સાથે આ પઢવા વાળા માટે પણ રહમત અને સલામતી ઉતરે.

(ઉમ્દતુલ-હિકમ, ફતહ અને ગુનિયહના હવાલાથી)

નોંધ :- મદીના શરીફના થોભવા દરમિયાન વધારેને વધારે દૂરૂદ શરીફ પઢો. દરેક નમાઝ પાબંદીના સાથે મસ્જિદે નબવીમાં પઢવી. મસ્જિદે નબવીમાં એક નમાઝ પઢવું પચાસ હજાર નમાઝ પઢવાનો સવાબ રાખે છે. અને ચાલીસ નમાઝો લગાતાર મસ્જિદે નબવીમાં પઢવાથી અઝાબે કબર અને નિફાકથી બરાઅત અને જહન્નમથી છુટકારો નસીબ થાય છે. જેથી ચાલીસ નમાઝો બા-જમાઅત લગાતાર પઢવાની પુરી કોશિશ કરે.

આ નાનુ દુરૂદ છે. જે વધારે ને વધારે પઢવું તેમજ નમાઝ વાળુ દુરૂદે ઈબ્રાહીમ અને અન્ય દુરૂદ પણ પઢતા રહેવું.

وَصَلَّى اللّٰهُ عَلَى النَّبِيِّ مُحَمَّدٍ


નોંધ :- મદીના શરીફમાં એક મુબારક મસ્જિદ છે જેનું નામ મસ્જિદે કુબા છે. મસ્જિદે કુબામાં બે રકાત નફીલ નમાઝનો સવાબ, ઉમરહના સવાબ સમાન છે. સહીહ બુખારી અને સહીહ મુસ્લિમમાં રિવાયત છે કે રસૂલુલ્લાહ (સ.અ.વ.) દર શનિવારે કુબાની મસ્જિદમાં તશરીફ લઈ જતાં હતા. જેથી જયારે પણ મોકો મળે મસ્જિદે કુબામાં નફીલ નમાઝ પઢે. અને જો મોકો હોય તો સુન્નત પર અમલ કરીને શનિવારે મસ્જિદે કુબા જાય, પહેલા બે રકાત તહિય્યતુલ -મસ્જિદ પઢે, અને પછી બે રકાત બીજી પઢે.

નોંધ :- ઈમામ ગઝાલી રહ. લખે છે : મુસ્તહબ એ છે દરરોજ હુઝૂર (સ.અ.વ.) પર સલામ પઢયા પછી 'જન્નતુલ-બકીઅ' (મદીનાના કબ્રસ્તાન) ની ઝિયારત માટે હાજર થતા રહે. જો દરરોજ ન જઈ શકે તો ખાસ કરીને જુમ્આના દિવસે જરૂર જાય.

સૈયદ ગ્રાફિક્સ - મો. ૯૬૯૮૪ ૯૮૫૫૮

બિસ્મીહી તઆલા

નકશા પાએ નબી કે હૈ જન્નત કે રાસ્તે, અલ્લાહ સે મીલાતે હૈ સુન્નત કે રાસ્તે



અય કાશ ફીર મદીને મેં અપના કિયામ હો.
દીન – રાત ફીર લબોં પર દુરૂદો સલામ હો.

મદીના શરીફની ઝિયારત

મદીના શરીફના અઅમાલ

મુફ્તી મહમુદ મવલાના સુલેમાન બારડોલી

WWW.NOORANIMAKATIB.COM

મોહતરમ હાજી ભાઈઓ અને બહેનો, અલ્લાહ તઆલાના ફઝલો કરમથી આપણને હજનો સફર નસીબ થઈ રહ્યો છે. જે અલ્લાહ તઆલાની મોટી મહેરબાની છે. જેથી આપણે આ સફરને વધારે ને વધારે ઈબાદત અને નેક કામોમાં ગુજારવાનો છે. અને ગુનાહ અને બુરાઈઓથી આપણે પોતાને બચાવવાની ફીકર કરવાની છે. મદીનહ શરીફ હાજરીનો મોકો અલ્લાહ તઆલાની આપણા પર ઘણી જ મોટી મહેરબાની છે. આ મુબારક ઝમીન પર અલ્લાહ તઆલાના અંતિમ નબી હિજરત કરી તશરીફ લાવ્યા. અને આજ મુબારક શહેરમાં કયામત સુધી આરામ ફરમાવી રહ્યા છે. આજ મુબારક ઝમીન પર હઝરત જીબ્રઈલ જેવા મુબારક ફરીશ્તા વારંવાર "વહી" (અલ્લાહનો પેગામ-સંદેશા લઈને આવતા. અહીંયા સેંકડો સહાબએ કિરામ અને હજારો તાબેઈન અવલીયાએ કીરામ આરામ ફરમાવી રહ્યા છે.

મદીના શરીફ જવા માટેની નિય્યત નીચે મુજબ કરવી.

મદીના મુનવ્વરા રવાના થાય ત્યારે રોઝએ પાક અને મસ્જિદે નબવી બન્નેવની ઝિયારતની નિય્યત કરે, કેટલાક નિષ્ણાંત આલિમોએ માત્ર રોઝએ અકદસની નિય્યતથી જવાને વજનદાર ગણાવ્યું છે. અફઝલ છે કે, આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પોતાની ઝિયારતની નિય્યત કરે.

મદીના શરીફના રસ્તામાં વધારેને વધારે દુરૂદ શરીફ પઢવું જયારે મદીના શરીફ નઝદીક આવી જાય ત્યારે દિલમાં હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની મોહબ્બતમાં વધારો હોય. દુરૂદ શરીફ લગાતાર પઢતા રહેવું. હોટલના રૂમમાં પહોંચી સામાન બરાબર ગોઠવીને ગુસલથી ફારિગ થવું. એક જોડી નવા કપડાં મદીના શરીફની નિય્યતથી સાથે લઈ લેવા. (તે કપડાં સફેદ હોય તો વધારે સારૂ) તે નવા કપડાં ગુસલ કરી પહેરવા, ખુશ્બુ લગાવવી, હોટલનો એડ્રેસ કાર્ડ સાથે લઈ સંતોષ વકાર

અને એહતેરામ સાથે મસ્જિદે નબવી શરીફ તરફ રવાના થવું. જે દરવાજાથી સહુલત હોય મસ્જિદમાં દાખલ થઈ શકે છે. મસ્જિદમાં દાખલ થતી વખતે દુરૂદ શરીફ પઢી પછી આ દુઆ પઢે. **અલ્લાહુમ્મગફિરલી ઝુનુબી વફ તહલી અબવાબ રહમતિક** અને એ'તેકાફની નિય્યત કરીલે **અય અલ્લાહ ! હું એ'તેકાફની નિય્યત કરૂં છું જયાં સુધી હું મસ્જિદે નબવીમાં રહુ, મારો એ'તેકાફ રહે.** પ્રથમ બે રકાઅત તહીયતુલ મસ્જિદ પઢી કોઈ નમાઝનો વખત હોય તો તેની સુન્નત પઢવી પછી રોઝા મુબારક પર હાઝરી આપવાની છે. જે માટે મસ્જિદના બિલકુલ આગળ કીબ્લા તરફ મ્હોં કરી જમણી બાજુ જવું ત્યાં જે દરવાજો છે. જેને બાબુસ્સલામ કહેવામાં આવે છે ત્યાંથી દાખલ થવું. અને ધીરે ધીરે નઝર નીચે રાખી આગળ વધો. મસ્જિદની આગળની સફોમાં ચાલતા ચાલતા જાલી મુબારક પર હાજરી થશે. નઝર નીચી કરી પુરા અદબના સાથે કે હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ કબર મુબારકમાં હયાત છે. આપણું સલામ સાંભળી રહ્યા છે. અને આપણને જવાબ આપે છે. પુરા અદબના સાથે કબર મુબારકના સામે કિબ્લા તરફ પીઠ કરી ઉભા રહી સલામ પેશ કરો.

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَانَبِىَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاخَيْرَ خَلْقِ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاخَاتَمَ الاَنْبِيَاءِ وَالْمُرْسَلِيْنَ وَ رَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ

અસ્સલાતુ વસ્સલામુ અલય ક યા રસૂલલ્લાહ,
અસ્સલાતુ વસ્સલામુ અલય ક યા નબીયલ્લાહ
અસ્સલાતુ વસ્સલામુ અલય ક યા હબીબલ્લાહ
અસ્સલાતુ વસ્સલામુ અલય ક યા ખાતમુલ-અંમ્બીયા વલ-મુરસલીન વ-રહમતુલ્લાહી વ-બરકાતુહ.

ત્યાર પછી હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમથી શફાઅતની દરખાસ્ત કરો. કે જનાબેવાલા ગુનાહોના બોજે મારી કમર તોડી નાખી છે. હું મારા ગુનાહોની તૌબહ કરૂ છું અને અલ્લાહથી માફી ચાહું છું. આપ પણ મારા માટે ઈસ્તીગફાર ફરમાવો. અને કયામતના દિવસે મારી શફાઅત ફરમાવો. સલામ પેશ કરવા જયારે પણ જાઓ ત્યારે જો મોકો હોય અને ભીડ ન હોય તો ઉભા રહી વારંવાર સલામ પેશ કરો. એક સમયમાં મોકો હોય તો ૭૦ વખત સલામ -દુરૂદ પેશ કરે. પછી એક હાથ આગળ વધો ત્યાં હઝરત અબુબકર સિદ્દીક રદિ.ના મુબારક ચહેરાના સામે આપણે આવીશું એઓને

اَلسَّلَامُ عَلَيْكَ يَا سَيِّدَنَا اَبَا بَكْرٍ الصِّدِّيْقِ

اَلسَّلَامُ عَلَيْكَ يَا خَلِيْفَةَ رَسُوْلِ اللّٰهِ

اَلسَّلَامُ عَلَيْكَ يَا وَزِيْرَ رَسُوْلِ اللّٰهِ

اَلسَّلَامُ عَلَيْكَ يَاصَاحِبَ رَسُوْلِ اللّٰهِ فِى الْغَارِ وَ رَحْمَةُ اللّٰهِ وَ بَرَكَاتُهٗ

અસ્સલામુ અલયક યા સય્યિદીના અબાબકરિનીસ્સીદીક
અસ્સલામુ અલયક યા ખલીફત રસુલિલ્લાહ
અસ્સલામુ અલયક યા વઝીર રસુલિલ્લાહ
અસ્સલામુ અલયક યા સાહીબ રસુલિલ્લાહ ફીલ-ગારિ
વ-રહમતુલ્લાહી વ-બરકાતુહ.